ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## ભારેલ ટાઉન ટોક

### -: ભારેલ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 329 |
| કુલ વસ્તી | 1539 |
| કુલ પુરૂષો | 718 |
| કુલ સ્ત્રીઓ | 821 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 85.97 |
| પુરૂષ સાક્ષરતા દર | 93.18 |
| સ્ત્રી સાક્ષરતા દર | 79.79 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 135 |
| ખેત મજૂર | 254 |
| સીમાંત વર્ગ | 04 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 30 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 123 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 497 |
| ગાય | 384 |
| ભેંસ | 136 |
| અન્ય | 13 |

### -: જમીન ક્ષેત્રફળ :-

264 હેક્ટર 88 આરે 62 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 04 હેક્ટર 32 આરે 03 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 343 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 362 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 389 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 20 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 310 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 102 |
| BPL કાર્ડ ધારકો | 80 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 21 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 31 |
| વિધવા સહાય | 67 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 06 |





## ભવનાથની ભૂમિ તરીકે ભવ્ય ખ્યાતિ ધરાવતું ભારેલ

# પાંચસો વર્ષ અગાઉ વસ્યું હોવાનું મનાતું ભારેલ ગામ સમગ્ર પેટલાદ તાલુકામા અગ્રીમ હરોળમાં ગણાય છે




ભારેલ ગામહાલમાંઆણંદ લોકસભા મતવિસ્તાર અને પેટલાદ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ છે

ભારેલ ગામ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલું છે. તાલુકા મથક પેટલાદથી ૧૨કિમી દૂર અને જિલ્લા મથક આણંદથી ૩૨ કિમી દૂર આવેલું છે. પેટલાદ તાલુકાના બિલકુલ છેવાડાના ગણાતા ભારેલ ગામનો વસવાટ અંદાજે પાંચસો જેટલા વર્ષ અગાઉ થયો હોવાનું ગામલોકો સાથે થયેલી ચર્ચા દરમિયાન જાણવા મળે છે. ગામની સ્થાપના બાબતે કોઈ ચોક્કસ જાણકારી ઉપલબ્ધ ના હોવાનું વડીલોનું માનવું છે. જોકે હાલમાં ભારેલ ગામમાં ઘણા બધા પૌરાણિક સ્થળો હાલમાં પણ દ્રશ્યમાન ચોક્કસ થાય છે. ગામના પ્રારંભિક વસવાટ બાબતે સ્થાનિક લોકો સાથે ચર્ચાથી જાણવા મળ્યું મુજબ આશરે પાંચસો વર્ષ અગાઉ વસવાટ થયો હોવાનું મનાય છે. વર્તમાન સમયમાં ગામમાં વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે. ભારેલ ગામમાં પટેલ, ઠાકોર, પ્રજાપતિ, ભરવાડ, બ્રાહ્મણ, મુસલમાન વાલ્મિકી વણકર રોહિત વગેરે સમાજના લોકો હળીમળીને રહે છે. ગામમાં દરેક વાર તહેવાર સૌ ગ્રામજનોના સહયોગથી ઉજવવામાં આવે છે. ગામના લોકોને સરળતાથી જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ ગામમાં જ ઉપલબ્ધ થાય તેવું નાનું બજાર છે. ગામની વિશાળ ભાગોળે જ નાના મોટા દુકાનદારો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનુ વેચાણ કરે છે. ભારેલ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. બન્ને વ્યવસાય સ્થાનિક રહીશો માટે આર્થિક સમૃદ્ધિ અને જીવન નિર્વાહ માટે અગત્યના છે. આઝાદી બાદ સ્થાનિક લોકો દ્વારા ખેતી સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનને મહત્વનું ગણ્યું છે.

ગામમાં અગાઉ શિક્ષણનુ પ્રમાણ ખૂબ નહીવત હતું, છતાં ભારેલ ગામની આસપાસના ધર્મજની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ બોચાસણ અને પેટલાદ ખાતે ઉચ્ચ શિક્ષણ મેળવીને ઉજ્જવળ કારકિર્દી બનાવે છે. છ દાયકા પહેલાં ગામમાં ગણ્યા ગાંઠ્યા લોકો જ શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવીને પ્રાથમિક શિક્ષણથી વધુ ઉચ્ચ અભ્યાસ મેળવ્યો હતો. જોકે છેલ્લા વીસેક વર્ષથી શિક્ષણ પ્રત્યે વધુ સજાગતા આવતાં ગામમાં ઉચ્ચ શિક્ષણ પ્રમાણ નોંધપાત્ર રહ્યું છે. ભારેલ ગામનું સંચાલન નાગરિકો દ્વારા ચુંટાયેલા સરપંચ દ્વારા થાય છે, ભારેલ ગામ હાલમાં પેટલાદ વિધાનસભા મતવિસ્તાર અને આણંદ લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે. ભારેલ ગામની ઉત્તર દિશામાં પેટલાદ તાલુકાના સુંદરણા અને બોરસદ તાલુકાના વહેરા ગામનો સીમ વિસ્તારો જોડાયેલા છે. જયારે દક્ષિણ દિશામાં ચુવા અને ગોરેલ ગામની સરહદ છે. પૂર્વ દિશામાં બોરસદ તાલુકાનુ બોચાસણ ગામ અને પશ્ચિમ દિશામાં ધર્મજ ગામ આવેલ છે. મોટી આર્થિક પ્રવૃત્તિઓ માટે ભારેલ ગ્રામજનો માટે સૌથી નજીકનું શહેર પેટલાદ છે.

## દાતાઓની સખાવતથી દેવસ્થાનો, વિસામો પ્રવેશદ્વાર, ચબુતરાનું નિર્માણ કર્યું છે



ભારેલ ગામમાં લોકોપયોગી બને તેવો વિસામો, પ્રવેશદ્વાર અને ધાર્મિક સ્થાનકોનું સર્જન દેશમાં વિવિધ શહેરોમાં અને વિદેશની ભૂમિ પર સ્થાયી થયેલ દાતાઓ દ્વારા કરવામાં આવ્યું છે. ભારેલ ગામના દરેક સમાજના લોકોએ નોંધપાત્ર સંખ્યામાં દેશમાં તેમજ વિદેશમાં પોતિકા વ્યવસાય નોકરી ધંધામાં પગદંડો જમાવી દીધો છે. દેશ વિદેશમાં વસવાટ માટે સ્થાયી થયેલા ભારેલ ગામના મૂળ વતનીઓ મોટાભાગે અમેરીકા કેનેડા આફ્રિકા અને વગેરે દેશોમાં બબ્બે પેઢીથી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. વર્તમાન સમયમાં પણ ભારેલના લોકો વિદેશની વાટે નિકળી જ જાય છે. સાવ સામાન્ય જણાઈ આવે તેવું ભારેલ ગામ હાલમાં દાતાઓની સખાવત અને વતન પ્રેમની લાગણીઓથી છલોછલ બનેલું છે. ગામમાં દરેક ધર્મ સ્થાન, જાહેર સ્થળો, વિસામો, પ્રવેશ દ્વાર વગેરે ભારેલના વતનપ્રેમની સાક્ષી પૂરે છે. ભારેલ ગામમાં દેવમંદિર , શિક્ષણ સુવિધા માટે દાન તેમજ શાળામાં પૂરક જરૂરીયાતો તેમજ બાળકોને મદદરૂપ થાય તેવી ચીજવસ્તુઓ વગેરે માટે વિવિધ દાતાઓ તરફથી સમયાંતરે સખાવતોની સરવાણી વહેતી કરવામાં આવી છે.

## શૈક્ષણિક સંકુલના નિર્માણ માટે ૧૨ ખેડૂતોએ ફળદ્રુપ ૧૬ વીઘા જમીન નજીવી કિંમતમાં જ સમર્પિત કરી

પેટલાદ પંથકના ગામો પૈકી ગણ્યા ગાંઠ્યા ગામોને બાદ કરતાં ઘણાં વર્ષો અગાઉ દરેક ગામમાં કન્યા કેળવણી હેતુ માધ્યમિક શિક્ષણ માટે સગવડતા નહોતી, એવા કપરા સમયમાં પેટલાદ તાલુકાના ભારેલ ગામમાં વસવાટ કરતા ૧૨ ખેડૂત પરિવારે દિર્ઘદ્રષ્ટિ કેળવીને પોતાની કિંમતી જમીન શિક્ષણ હેતુસર નજીવી કિંમતમાં સમર્પિત કરી દીધી હતી. ગામમાં ઉત્તર ભાગમાં આવેલા રાજ્ય ધોરીમાર્ગ અડોઅડ આવેલા ખેતી સર્વે નંબરની જમીન સંસ્થા હસ્તક કરી આપી હતી. ગુજરાત વિદ્યાપીઠ, ગ્રામસેવા કેન્દ્ર વલ્લભ વિદ્યાલય, બોચાસણ સંચાલિત શ્રી શિવાભાઈ ગો. પટેલ કન્યા વિદ્યાલય - ભારેલ ૧૯૭૨ જૂન માસથી શરૂ કરવામાં આવ્યુ છે. બહેનોને જીવન ઉપયોગી તાલીમ મળે અને તેનો સર્વાંગી વિકાસ થાય એ આશયથી આ ઉત્તર બુનિયાદી ઢબનું કન્યા વિદ્યાલય શરૂ કરેલ છે.

ગૃહ ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને શાળામાં ઉચ્ચતર માધ્યમિક શાળાંતે પરીક્ષા સુધી નો અભ્યાસ કરાવવામાં આવે છે. ગ્રામ સેવાના અનુભવો મેળવવા ઉપરાંત છાત્રાલય જીવનની વૈયક્તિક અને સામુદાયિક પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીનીઓનો સર્વાંગી વિકાસ કરવાનો પ્રયત્ન રહે છે . સંસ્થામાં દાખલ થનારને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ દ્વારા ભોજન શિષ્યવૃત્તિ મળે છે. સુંદર શૈક્ષણિક વાતાવરણ તથા સારી ભૌતિક સુવિધાઓ ધરાવતી આ સંસ્થામાં સર્વાંગી વિકાસની બધી જ સગવડો ઉપલબ્ધ છે.

રસોઈકલા, કમ્પ્યુટર, ભરતગૂંથણ, સીવણ, સુગમ સંગીત, વિવિધ કૌશલ્ય શિબિરો, ખુલ્લું સુસજ્જ પુસ્તકાલય, પ્રવાસ-પર્યટનો સાથે વ્યક્તિત્વ ઘડતર અને નેતૃત્વ ખીલવણીની પૂરતી તકો છે.પોષ્ટિક અને સાત્વિક ભોજન વ્યવસ્થા તેમજ રહેવા માટે છાત્રાલયની ઉત્તમ સગવડ છે. સુંદર શૈક્ષણિક વાતાવરણ તથા સારી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે

